॥ શ્રી ॥

જુગતંબા સ્તવન.

અંક અગીઆરમો.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,

નડીયાદ નિવાસી,

નાગર સાઠોદરા,

માણેકલાલ લલ્લુભાઇ મહેતા.

અમદાવાદ.

રીચીરોડની સડક ઉપર આવેલા "શ્રી જે. વિદ્યા વિજય પ્રેસમાં" શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યું.

સં. ૧૯૬૯ પ્રત ૫૦૦ સને ૧૯૧૩.

જેઠ શુક્લપક્ષ —— જુન.

આવૃત્તિ ૧ લી. મફત.

॥ શ્રી ॥

જગતંબા સ્તવન.

ગણપતીની સ્તુતિ.

દોહરો.

ગૌરી સુત વન્દુ તને, વક્ર તુંડ મહા કાય;
સ્તવન એકાદશ હું કરૂ, વિઘ્ન હરો ગણરાય.

સરસ્વતીની સ્તુતિ.

હંસવાહની સરસ્વતી, કરૂણા કર મંમાય;
સ્તવન રચું અગીયારમે, માગું તમારી સાહ્ય.
સદબુદ્ધિ દ્યો મા મને, દીનતણી દાતાર;
બ્રહ્મ તનયા વીનવું તને, વંદી વારમવાર.

સ્રગધરાછંદ.

અંબાદેવી કૃપાળી, તમવિણ નહિ કો, વીશ્વમાં માત મ્હારે;
તેડો દ્વારે તમારે, અતિ કરિ કરૂણા, આપિ ઉત્સાહ ભારે.
આશા રાખૂ તમારી, ભવભય હરિને, દાસનાં દુઃખ કાપો;
પાપો કાપો અમારાં, નમુ તુજ ચરણે, ચીત્તને શાન્તિ આપો. ૧

દેવી જ્યોત્યો તમારી, ઝગમગ ઝળકે, તેજ અંબાર ભારી;
ડંકો દીધો હણીને, રક્તબિજ મહિશો, શુંભ નીશુંભ મારી.
યાચેછે લાલ ત્હારો, નમિ નમિ ચરણે, માત આનંદ આપો;
પાપો કાપો અમારાં, નમુ તુજ ચરણે ચીતને શાન્તિ આપો. ૨

ભુજંગી છંદ.

નમું નીત્ય છો માત આનંદકારી,
નમું માત છો વીશ્વમાંહે વિહારી;
સદા શાન્તિ દેજો કૃપાછે તમારી,
પુરા પ્રેમથી હું નમું માત મ્હારી. ૧
જપે શેષ જેને સદા એક ચીત્તે,
જપે વીશ્નુ વીધી મહાદેવ નીત્યે;
ધરે ધ્યાન મ્હોટા મુની ચીત્ત ધારી,
પુરા પ્રેમથી હું નમું માત મ્હારી. ૨
ભરોંસો તમારો ખરો માત મ્હારે,
વિના માત ત્હારા મને કોણ તારે;
મને આદ્ય અંતે સદા સાહ્ય તારી,
પુરા પ્રેમથી હું નમું માત મ્હારી. ૩
તમે માતને તાત છો માત મ્હારી,
સ્તુતી ત્હારી ગાવા નથી શક્તિ મ્હારી;
કરો કાર્ય મ્હારાં દીલે વાત ધારી,
પુરા પ્રેમથી હું નમું માત મ્હારી. ૪

સુકાર્યો સુધારો નમું જોડી પાણી,
સદા દાસ ત્હારો મને માત જાણી;
રહો લાલ ચીત્તે ધરે આશ ત્હારી,
પુરા પ્રેમથી હું નમું માત મ્હારી. ૫

શીખરણીવૃત.

વિશ્વાધીશા અંબા, વિમળ મતિ દ્યો માત મુજને;
દયાળુ છો દેવી, કરગરિ કહું વાત તુજને.
સદા મા સંભાળી, રિદ્ધ સિદ્ધ નવનીદ્ધ ભરતાં;
ક્ષમાવંતાં દેવી, અરજ શિશુની દીલ ધરતાં. ૧
નમું હું મંમાયા, જગતજનની માત તમને;
અને તેડા દ્વારે, ચરણરજ દ્યો ભક્તજનને.
તમારો કહેવાયો, જગત જસ આપો વિભુવરા;
કૃપાદ્રષ્ટી રાખી, સકળ સુખ દેજો શુભકરા. ૨
સ્મરૂ હું તો નીત્યે, સુકૃત કરવા દ્યો મતિ મને,
અખંડાનંદા છો, અચળ સુખ દ્યો નીજ જનને;
તમે તારો દેવી, નવ કશું રહે ગુપ્ત તમથી,
નિરાધાર ધારા, નમિ નમિ કરૂ નમ્ર વિનતી. ૩
શક્તી ત્હારી સર્વે, ઘટ ઘટ વસી ઠામ સઘળે,
નિવારી સંતાપો, કુસળ સુખ આપો દુઃખ ટળે;
નમે લાલ ત્હારે, ચરણ ચિત્ત રાખી અઘહરા,
વિનંતી સ્વીકારી, પ્રણત જન પાળો વસુધરા. ૪

ગરબી.

ગુણવંતી ગુજરાત હમારી ગુણવંતી ગુજરાત—એ રાહ.

જય જય અંબેમાત હમારી જય જય અંબેમાત,
નમીએ તને દીન રાત હમારી જય જય અંબેમાત;
સાળંકૃત સીંહાસન ઉપર બીરાજ્યાં જગમાત,
ઝગમગ ઝળકે જ્યોત્ય તમારી, વીશ્વ વિસે વીક્ષાત. હ. ન. ૧
નેનામ્રતે મા તમને નીરખી, થઇએ રૂદય રળીયાત;
દરશનથી દુખ જાય હમારા, અખીલ વીશ્વની માત. હ. ન. ૨
શીવ બ્રહ્મા વીશ્નુ સરજાવ્યા, વેદ વાણી વીક્ષાત;
સુરીંદ્ર મુનીંદ્ર જોગીંદ્ર તમારી, ચરણકમળરજ ન્હાત. હ. ન. ૩
સુર્ય પ્રભાતસમા અજવાળો, ભક્તરદય મમ માત;
એક સ્વરે સઉ ગગન ગજાવો, બોલો શ્રી અંબેમાત. હ. ન. ૪
અકળ કળા ત્હારી પાર ના પામે, રૂષી મુની ગુણ ગાત;
નડીયાદી માણેકલાલ કહેછે, છો તમે માતને તાત. હ. ન. ૫

માતાજીને તેડવાનો કાગળ.

પ્રથમ ગણપતીને આરાધુરે,
શુદ્ધ વાણી અવીચળ માગુ. વેગે વળજોરે,
મ્હારી અરજ અંબા સાંભળજો. વેગે વળજોરે.
સ્વસ્તી શ્રી આરાસુર ગામરે,
મ્હોટુ અંબે મૈયા ત્હારૂ નામ. વેગે. મ્હા. ૧
પુજયારાધે પરમપદ જાણુરે.
ત્હારી અતીરે કળા પરમાણું. વેગે. મ્હા. ૨

લખુ પત્ર કરી હું પ્રણામરે,
ભક્તતારક અંતરયામ. વેગે. મ્હા. ૩
અહીયાં ક્ષેમકુશળ છે અત્રરે,
ત્હારે પ્રતાપે છે શીરછત્ર, વેગે. મ્હા. ૪
ત્હારા ભકતની રાખવા લાજરે,
આવો કરવા તેનાં શુભ કાજ. વેગે. મ્હા. ૫
હું તો જોઉંછું વાટ તમારીરે,
વહેલાં વળજો અતી બળ ધારી. વેગે. મ્હા. ૬
અનપુરણા ઓરડે મ્હારે આવોરે,
રીદ્ધ સીદ્ધ ને નવનીદ્ધ લાવો. વેગે. મ્હા. ૭
આવી વઇભવ વીધ વીધ હેજોરે,
નીજ ભકતની સંભાળ લેજો. વેગે. મ્હા. ૮
હું તો શ્રાવણ સંઘે ત્યાં આ૦યોરે,
મા ત્હેં હેત કરીને બોલા૦યો. વેગે. મ્હા. ૯
ઘણું સાંભરો અંબે માતરે,
મ્હારે માતને છો તમે તાત. વેગે. મ્હા. ૧૦
મને સાંભરે ચાચર ચોકરે,
ગાતા ગરબા ત્યાં વીધ વીધ લોક. વેગે. મ્હા. ૧૧
તેડો પારે પુજુ તુજ પાયરે,
મીઠાં મેહેરામણ મંમાય. વેગે. મ્હા. ૧૨
થોડું લખ્યુ ઘણુ કરી માનોરે,
એકવાર લખ્યુ સો પ્રમાણો. વેગે. મ્હા. ૧૩

માણેકલાલ છે નડીયાદવાસીરે,
ત્હારા દરશનનો અભીલાસી. વેગે. મ્હા. ૧૪

ગરબી.

સેવોને બાળા ત્રીપુરાને તરવા—એ રાગ.

સેવોની તમે અંબે અલબેલી,
આરારેસુરે આનંદની એહેલી. ટેક.
આદીતવારે આનંદની દાયા,
સકળ વીશ્વ વ્યાપી જેની માયા,
એવીરે શેવો આરાસુર રાયા. સેવોની. ૧
સોમવારે સાચી શકતી શેવો,
નામ મંત્ર અંબાનો લેવો,
મીઠડો રસ અમ્રીતનો મેવો. સેવોની. ૨
મંગળવારે મહીશાસુર મારી,
અભય કર્યા સુર સહુ સુખકારી,
એવીરે અંબા અકળીત બળધારી. સેવોની. ૩
બુધે બુઝ ભકતતણી કરતાં,
શત્રુ ત્હેના સરવે મા સંહરતાં,
ભકતને ઘેર નવનીધી ભરતાં. સેવોની. ૪
ગુરૂવારે ગરૂડે કરી સ્વારી,
આવી લાજ રાખો અંબા મ્હારી,
જગત જસ ભકતને દેનારી. સેવોની. ૫

શુકરવારે શકતી સબળ જાણી,
માટે શેવો અંબે સહુ પ્રાણી,
શકતીરે વીના જગતમાં ધુળધાણી. સેવોની. ૬
સનીવારે સુંદીર મુખ જોઇ,
નારાયણીમાં ચીત રહ્યું પ્રોય,
અંબારે વીના બેલી નહી કોઈ, સેવોની. ૭
આઠે વાર અચીચળ અવીનાસી,
ગાએ ત્હેનાં પાપ જાએ નાસી,
માણેકલાલ નડીયાદનો વાસી. સેવોની. ૮

આઠવાર બહુચરના.

રાગ ઉપરનો.

સેવોની તમે બાળા બહુચરીયાં,
શેવ્યાંરે ત્હેના કાર્ય સફળ કરીયાં, ટેક.
આદીતવારે આનંદ વરસાવો,
તેડોરે લેવો દરશનનો લ્હાવો,
મ્હારે તો ગુણ બહુચરનો ગાવો. સેવોની. ૧
સોમવારે સૃષ્ટી બધી ત્હારી,
ઘટે ઘટે માયા વીસ્તારી,
અકળ ગતી બહુચરીયાં ત્હારી. સેવોની. ૨
મંગળવારે માત છબી સારી,
ગોખે બેઠાં પ્રગટે કરી સ્વારી,

નયણેરે નીરખી જાઉં હું બલીહારી. સેવોની. ૩
બુધવારે બળવંતી બાળા,
શરણુ આવ્યા ત્હેને તમે પાળ્યા,
અસુર મારી દેવનાં દુખ ટાળ્યાં. સેવોની. ૪
ગુરૂવારે ગાયત્રી ગાજો,
બહુચર મૈયા ગોખે બીરાજો,
બુડંતાં તો બાંવડલી સ્હાજો. સેવોની. ૫
શુકરવારે શકતી સઉ ઠામે,
તરે પ્રાણી બહુચરને નામે,
બીજુરે કસ્યુ નહી આવે કામે. સેવોની. ૬
શનીવારે સુખ સંપત દેજો,
બહુચર મ્હારા રૂદયામાંરહેજો,
અરજ મ્હારી અતરમાં લેજો. સેવોની. ૭
આઠેવાર બહુચરના ગાશે,
ત્હેનારે સરવે પાપ પ્રલય થાશે,
માણેકલાલનો નડીયાદ વાસે. સેવોની. ૮

ગરબી—રાગ પીલુ.

જય અંબેરે વીશ્વતણી પ્રતીપાળી,
નમુ તને આરાસુરવાળી.
સાળંકતરે સીંહાસને મતબાલી,
બીરાજ્યાં માહા બળવાળી.
ઝુલ—જય જગતજનુની માતારે,

છો વીશ્વતણી વીધાતારે,
તુજ ગુણ રૂષી મુની ગાતારે,
સાહ્ય કરજોરે જુગતંબા જશવાળી. નમુ ત. ૧
કરૂણાનીધીરે કરૂણા કરજો કૃપાળી,
દીનજનની માત દયાળી,
ઘણા રંકનેરે રાય કર્યા જયશાળી
એવી બહુચર તું બીરદાળા.
ઝુલ—મ્હારે આશરો અંબા ત્હારોરે,
અપરાધ ક્ષમા કરો મ્હારોરે,
મુજ શત્રુને સંહ્હારોરે,
અલબેલીરે આશ ત્હારી બીરદાળી. નમું ત. ૨
સુખ સંપતીરે તું છે આપવાવાળી,
આરાસુરમાં અંબા ભાળી,
જયવંતીરે માત તમે છો મયાળી,
દેજો ભકતનાં સંકટ ટાળી.
ઝુલ—ત્હેં મહીશાસુર આદે માર્યારે,
શુંભ નીશુંભને સંહ્હાર્યારે,
ત્હેં દેવ સકળને તાર્યારે,
કામ એવારે કીધાં માત કૃપાળી. નમુ ત. ૩
અભયાવરરે દેજો અંબા દયાળી,
કરો ભકતતણી રક્ષવાળી,
તેડા દરશનરે નજરે લેઉ હું ન્યાળી,
ત્હારી જાગતી જયોત જયાળી.

ઝુલ—જય જગતતણી સુખદાયરે.
જય આરાસુરની રાયરે,
માણેકલાલ નમે તમ પાયરે,
કરો કરૂણારે માત તમે મ્હાકાળી. નમુ ત. ૪

ગરબો

નમું હું તો બાલા બહુચરમાત વસ્યાં ચુંવાળમાંરે લોલ,
પ્રતક્ષ પારો ત્હારો માતકે, આ કળીકાલમાંરે લોલ, ॥ ટેક ॥
ભાવે ભજતાં ભાવટ જાય, અકલગત ઇશ્વરીરે લોલ,
બેઠાં ગોખે કરતાં શોખ અખીલ અમરેશ્વરીરે લોલ. ૧
આંગી દીસે ઝાકઝમાળ, જ્યોત ઝળકી રહીરે લોલ,
જય જય શબ્દ મંડપમાં થાય, શોભા નવ જાય કહીરે લોલ, ૨
ભક્તને અભયાવર દેઇ માય, કાર્ય ત્હેંના કરોરે લોલ;
નવનીદ્ધ રીદ્ધસીદ્ધની દાતાર, કે દુઃખ ત્હેનાં હરોરે લોલ ૩
હતી રાય નારસાબ્હની કુમારી, આવી તુજ બારણેરે લોલ,
મનમાં પરચો સાચો જાણી પુરૂષ થવા કારણેરે લોલ. ૪
રસ્તે સાંભળીચુતુ કાને સાચી વાત બહુચરીરે લોલ,
આ મુજ અસ્વની થઇ જાય અસ્વ, તો હું જાણુ ખરીરે લોલ. ૫
દીઠુ માનસરોવર ત્યાંયકે, મન વીચાર ગયોરે લોલ.
નાંખી તે ઘોડી જળમાંહ્ય કે, ઘોડીનો ઘોડો થયોરે લોલ. ૬
અહીં છિ સાચી બહુચરમાયકે, મન નીશ્ચે થયુરે લોલ,
કુંવરી માનસરોવર નાહીકે, દુખ ત્હેનુ ગયુરે લોલ. ૭
કીધો કુંવરીનો કુમાર, જગત જશ વ્યાપીયોરે લોલ,
આપ્યુ પુરૂષાતન ત્હેં માતકે, શીર કર સ્થાપીઓરે લોલ. ૮
નમી નમી કીધા કોટી પ્રણામ, પછી વીદાય થયોરે લોલ,

ઘોડે બેસી ચાલ્યો રાયકે, નીજ મંઢીર ગયોરે લોલ. ૯
હરખ્યાં ત્હેંનાં માત પીતાય, આનંદ ઉર જામીઓરે લોલ,
એતો બહુચર માત પ્રતાપ, પુરૂષાતન પામીઓરે લોલ. ૧૦
ચાલી દેશ વિદેશે વાત, નારીનો નર થયોરે લોલ,
માતા બહુચરને દરબારકે, સંઘ લેઈ તે ગયોરે લોલ. ૧૧
મેવા થાળ વીવીધ શણુગાર, લેઈને રાય આવીયોરે લોલ,
નમીયા બહુચરમાને પાયકે, મા મન ભાવીયોરે લોલ. ૧૨
પુજયાં પ્રેમથકી મંમાયકે, શાસ્ત્રવીધીએ કરીરે લોલ,
ધરાવ્યા સોળ સરસ શણુગાર, થાળ આગળ ધરીરે લોલ. ૧૩
બ્રાહ્મણ ભોજન હોમ હવન, રાયે કીધા ઘણારે લોલ,
રંગ રાગ કીધા ચાચાર ચોક, શોભાનીના રહીં મણારે લોલ. ૧૪
ઓછવ નવ દીન કરીયો રાય, પછી સઉ ઘેર ગયાંરે લોલ,
માજીએ આનંદ આપ્યો અપાર, ઘણું પ્રસન થયાંરે લોલ. ૧૫
સંવત ઓગણીસે અગનોતેર, મહાસુદ એકાદશીરે લોલ,
માણેકલાલ ગાએ સોમવારેકે, શેહેર નડીયાદ વસીરે લોલ. ૧૬
ગરબો નરનારી જે ગાય સુકુળ સુખીયાં થશેરે લોલ,
ત્હેંને બહુચર થાશે પ્રસનકે, દુખ સઉ દુર જશેરે લોલ. ૧૭

ગાયન

રાગ સોહાગી, કાલીંગડો. ઠેરબો.

આરાસુરમે અંબે બીરાજતહે, બીરાજતહેરે બીરાજતહે. આ.
સાળંકૃત સીંહાસનકે પર, સીંહ સ્વારી કરી ગાજતહે. આ.
મંડપ ગોખકીહે બલીહારી, ઘંટ ઘણે ઘણે બાજતહે. આ.
દાસકુ લાડ લડાવત મૈયા, ભકતનકે દુખ ભાજતહે. આ.
સબ સુરઆયકે માતકે આગે, નારાયણીકું નીવાજતહે. આ.

માણેકલાલકે શીરછત્ર મૈયા, રાજ્ય રાજેશ્વરી રાજતહે. આ.

જોટા.

મેરી બહુચરીયાં બીરદાળીરે, બીરદાળીરે બીરદાળીરે, મેરી.
બરખડીકે થડ વ.સ તુમારા, આદ્ય સ્થાનક અજવાળીરે. મે.
માનસરોવર પ્રતક્ષ પરચા, દીયા ત્હેં બહુચરબાળીરે. મે.
ઘોડીકા ઘોડા કીયા પળમે, ભકતનકી પ્રતીપાળીરે. મે.
નારીકા ત્હેં નર બનાયા, પુરૂષાતન દેને વાળીરે. મે.
ગોખ જોખકી શોભા નોતમ, ઝગમગ જ્યોત જયાળીરે. મે.
માણેકલાલકુ નવનીદ્ધ રીદ્ધસીદ્ધ, આપહો દેનેવાળીરે. મે.

રાગ જંગલો.

જેને ઓથ અંબાતણી, તેને દુખ નવ થાય લગાર. જે.
પળે પળે મુજ રક્ષણ કરતાં, હાંરે માએ કીધા ઘણા ઊપકાર. જે.
કયમ ભુલાય એ મૈયા મુજથી, હારે મને આયુરાની દેનાર. જે.
ભકત તારણી માત ભવાની, હાંરે એતો વીશ્વ તણી રચનાર. જે.
નવનીદ્ધ રીદ્ધસીદ્ધ આપે પલકમાં, હાંરેજગમાં એ સમનહી દાતાર.
જગત શીરોમણી શકત સદા છે, હાંરે ભકત કાર્ય સફલ કરનાર.
અંબે બહુચર જશ આપે જગમાં, હાંરેએતો જગજીવાડણહાર
માણેકલાલની મા મતબાલી, હાંરે નમુ ચરણે હું વારંવાર. જે.

જોટા જંગલો.

જેને શીર આરાસુરી, ત્હેંનો સફળ થયો અવતાર. જે.
બ્રહ્માવીશ્નુરૂદ્ર ઇંદ્રાદીક, ત્હાંરે મૈયા તેની તું સ્રજનાર. જે.
સુર સકલની સહાય કરી ત્હેં હાંરે માર્યો મહીસાસુરને માર. જે.
દેવ સરવ આવી નમતા પાએ, હાંરે મૈયા કરતાતે જયજયકાર.જે.
એવી શકતી ભકતો સઊ સેવો, હાંરે એતોભરે છે ધનભંડાર. જે.
માણેકલાલનો ટેક રાખવા, હાંરે માજી આવો સીંહે થઇ સ્વાર.જે.

જોટા જંગલો

સેવે જે કો બહુચરીયાં, તેને આનંદ આપે અપારા. સે.
ગોખે બીરાજી મા શોખ કરેછે, હાંરે ગોખે આંગીદીસે ઝળકાર.
અનુપુરણા અલબેલી મૈયા, હાંરે એતો ઘટઘટની વસનાર સે.
નવનીદ્ધ આપે નીજભકતોને હાંરે સેવે તેની વ્હારે ચઢનાર. સે.
ત્રીશુલધારી શત્રુ સંવ્હારે, હાંરે એછે કષ્ટ સકળ હરનાર. સે.
માણેકલાલને આશ તમારી, હાંરે મને મનવાંછીત દેનાર. સે.

રાગ કાફી.

ત્રીપુરા રાખણુ ટેક જુગમાં ત્રીપુરા રાખણુ ટેક—એ રાગ.

બાંહ્યગ્રહેકી રાખો લાજ, અંબે બાંહ્યગ્રહેકી રાખોલાજ. ॥ ટેક ॥
પાલવ વળગ્યો, ના કરો અળગો, આઇ ગરીબનીવાજ. અં.
જય જગવંદન, અસુર નીકંદન, વંદત સુર સમાજ. અં.
અષ્ટ સીદ્ધદાતા, વીશ્વ વીક્ષાતા, નવનીદ્ધયો મહારાજ. અં.
સુર મુની રંજન, દહોત ગર્વગંજન, ભંજન ભકત ભયરાજ. અં.
જય દીનબંધુ કરૂણાસીંધુ, સુધારો મુજ સઉકાજ. અં.
માણેકલાલની માત અંબીકા, તમે મ્હારાં શીરતાજ. અં.

જોટો

જાઉ હું તો બલીહાર, બહુચર જાઉ હું તો બલીહાર. ॥ ટેક ॥
આનંદની આપનાર, બહુચર જાઉ હું તો બલીહાર.
દરસન કરતા દુખ સઉ વામે, પામે પદારથ ચાર. બહુચર.
ગોખની શોભા નઉતમ નીરખી, હરખુ રદય મોઝાર. બ.
કોટી દીવ્ઝાકતી તેજ તમારૂ, ઝગમગ ઝળકે અપાર. બ.

અનેક ભકતને રીદ્ધસીદ્ધ આપી, ભર્યા ત્હેના ભંડાર. બ.
આ જુગમાં તું મ્હોટી મૈયા, તમસમ નહી દાતાર. બ
માણેકલાલ ચીત ચરણે તમારે, નમે છે વારંમવાર. બ.

રાગ આશાગોડી

જય જય દીનદયાળી અંબેમૈયા, જય જય દીનદયાળી.
શાલંકૃત સીંહ્‌હાસન ઉપર, બીરાજ્યાં મહાબળવાળી. ॥ ટેક ॥
શ્રાવણ સંઘે મા દરસન દેતાં, નજરે લેઇ એ હમે ન્યાળી,
અભયાવર નીજ ભકતોને દ્યો છો, તાપ ત્રીવીધીના ટાળી. અં.
આદ્યશકતી તમે એક અંબીકા, નમીએ તને બીરદાળી,
ચાચરચોકમાં ગુણ તુજ ગાઇએ, દીસે ત્યાં ક્રોડ દીવાળી. અં.
એક સ્વરે સઉ ગગન ગજાવી, બોલો શ્રી અંબે કૃપાળી,
માણેકલાલને ભકતોની આશા, પુરજો આરાસુરવાળી. અં.

રાગ ખમાચી મહાડ.

સાચી આઈ આરાસુરી સેવોરે કે મીઠડો અમ્રીતનો મેવો ॥ ટેક ॥
અકળ કળા જેની પાર ન પામ્યા, તેત્રીસ ક્રોડ દેવો,
તેડો દ્વારે મા પારે તમારે, મ્હારે લ્હાવો દરશનનો લેવોરે સા. ૧
નામ જપે ત્હેને ન્યાલ કરો મા સુખ શાન્તી દેવો,
રકતબીજ મહીસાસુર માર્યો, એનો પ્રતાપ જુગમાં કેવો. સા ૨
શુંભ નીશુંભનો સંહ્‌હાર કર્યો, તેથી પુષ્પવૃષ્ટી કરે દેવો,
માણેકલાલ દીન અરજ કરેછે, મને દાસ જાણો જેવોતેવોરે સા. ૩

દોહરો

એકાદશ સ્તવન થયાં, અંબા કર સ્વીકાર,
દ્વાદશ લખવા દઇ મતી, કાર્ય સરવ સુધાર.

જાહેરખબર.

સરવે સદ ગ્રહસ્થોને ખબર આપવામાં આવે છે કે શ્રી જુગતંબા સ્તવનના દશ ભાગની ચોપડીઓ જેમાં નાટકના રાગના ગરબા છંદ તથા રાગ રાગણીથી ભરપુર છપાયલી છે તે મફત આપીએ છીએ તે મળવાનું ઠેકાણુ.

બુકસેલર છોટાલાલ ત્રીકમદાસ.

મુ. સાંથની પીપલી–નડીયાદ.